ટેલિફોન : ૨૬૩૦૧૩૩૩
ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
એસ્ટેટ વિભાગ
રૂમ નંબર-૧,
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ ઓફિસ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
www.gujaratuniversity.org.in

Phone : 26301333
FAX : (079) 26302023, 26306194
Estate Department,
Room No. 1
OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).
Email :
Email : guestate@gmail.com

તા. ૨૭/૦૪/૨૦૧૭

ગુજરાત યુનિવર્સીટી બાંધકામ સમિતિની એક સભા તા. ૨૭/૦૪/૨૦૧૭ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે યુનિવર્સીટી કાર્યાલયમાં મળી હતી. જેનું પ્રમુખ સ્થાન મા. કા. કુલપતિશ્રી ડૉ. હિમાંશુ પંડ્યા સાહેબે સંભાળ્યું હતું. જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે મુજબ હતી.

(૧) મા. કા. કુલપતિશ્રી
ડૉ. હિમાંશુ પંડ્યા - હાજર

(૨) શ્રી મહેશભાઈ કસવાલા
સીન્ડીકેટ સભ્યશ્રી - હાજર

(૩) શ્રી પંકજભાઈ શુક્લા
સીન્ડીકેટ સભ્યશ્રી - હાજર

(૪) ડૉ. વનરાજસિંહ ચાવડા
સીન્ડીકેટ સભ્યશ્રી - હાજર

(૫) ડૉ. ધવલભાઈ પટેલ
સીન્ડીકેટ સભ્યશ્રી - હાજર

(૬) કાર્યપાલક ઈજનેરશ્રી વતી
શ્રી મહેશભાઈ ગોર - હાજર
માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય સરકારશ્રી)

બાબત ક્રમાંક: (૧) તા. ૦૬/૦૪/૨૦૧૭ ના રોજ મળેલ બાંધકામ સમિતિની કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૧) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝ્યુકેટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, તા. ૦૬/૦૪/૨૦૧૭ ની બાંધકામ સમિતિની કાર્યવાહી નોંધ મંજુર કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૨) ગુજરાત યુનિવર્સીટી કેમ્પસ પરના કન્વેન્શન સેન્ટર તેમજ તેની બાજુમાં આવેલ ખુલ્લુ મેદાન વાપરવા માટે મે. ગાંધી કોર્પોરેશનની પાંચ વર્ષની લીઝ ડીડની સમયમર્યાદા આગામી તા. ૩૧/૦૫/૨૦૧૭ ના રોજ પૂર્ણ થતી હોઈ બાંધકામ સમિતિ તા. ૧૫/૦૩/૨૦૧૭ બાબત ક્રમાંક (૨૩.૧) થી ઠરાવ્યા મુજબ

નિયુક્ત કન્સલ્ટન્ટ ઓકટર્સ દ્વારા તૈયાર કરેલ ટેન્ડર મુસદ્દા પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૨) જરૂરી ચર્ચા વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સીટી કેમ્પસ પરના કન્વેન્શન સેન્ટર તેમજ તેની બાજુમાં આવેલ ખુલ્લુ મેદાન વાપરવા માટે નિયુક્ત કન્સલ્ટન્ટ ઓકટર્સ દ્વારા તૈયાર કરેલ ટેન્ડર મુસદ્દો જરૂરી કાયદાકીય સલાહ લઈ મંજૂર કરવાનું રાખવું તેમજ આ ઈ-ટેન્ડર કરવા તાત્કાલિક વર્તમાનપત્રોમાં જાહેરખબર આપી, ઈ-ટેન્ડર દ્વારા ભાવો મંગાવીને આગામી બાંધકામ સમિતિ સમક્ષ રજુ કરવાનુ રાખવું.

બાબત ક્રમાંક: (૩) યુનિવર્સીટી ખાતેના ફિઝીક્સ અને સાયકોલોજી વિભાગના ઇન્ટીરીયર કામોની સમય મર્યાદા આગામી તા. ૩૦/૦૬/૨૦૧૭ સુધી વધારી આપવા અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૩) જરૂરી ચર્ચા વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સીટી ખાતેના ફિઝીક્સ અને સાયકોલોજી વિભાગના ઇન્ટીરીયર કામો કરવા માટેની સમય મર્યાદા વધારવા અંગે યુનિવર્સીટી દ્વારા નિયુક્ત કન્સલ્ટન્ટ ઓકટર્સ દ્વારા તા. ૨૪/૦૩/૨૦૧૭ ના પત્રથી કરેલ ભલામણ મુજબ આ કામોનો વર્ક ઓર્ડર તા. ૨૭/૦૭/૨૦૧૬ થી આપવામાં આવેલ પરંતુ ફિઝીક્સ ભવનનું પઝેશન તા. ૦૮/૧૨/૨૦૧૬ અને સાયકોલોજી ભવનનું પઝેશન તા. ૧૮/૧૦/૨૦૧૬ ના રોજ મળવાથી કામ શરૂ કરવામાં વિલંબ થવાથી આ કામોની સમય મર્યાદા આગામી તા. ૩૦/૦૬/૨૦૧૭ સુધી વધારી આપવાનુ રાખવું.

બાબત ક્રમાંક: (૪) પ્રમુખશ્રીની પરવાનગીથી જે બાબત રજૂ થાય તે.

બાબત ક્રમાંક: (૪.૧) ગુજરાત યુનિવર્સીટી કેમ્પસ પર હાલ ચાલતા જુદા-જુદા નવા મકાનોના બાંધકામ બાદ તૈયાર થનાર મકાનોનું નામકરણ કરવા પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૪.૧) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સીટી કેમ્પસ પર હાલ ચાલી રહેલ બાંધકામના મકાનો જ્યારે સગવડ સાથે બાંધકામ પૂર્ણ થાય ત્યારે એક્ઝીક્યુટીવ કાઉન્સિલમાં બાબત મુકીને મકાનોનું નામકરણ અંગે ચર્ચા વિચારણા કરવાનુ રાખવું.

બાબત ક્રમાંક: (૪.૨) ગુજરાત યુનિવર્સીટી માટે નીચે દર્શાવેલ કામો કરવા આવશ્યક હોઈ તે માટેના નકશા અંદાજ અને ટેન્ડર મુસદ્દો તૈયાર કરવા બાબત.

1. Installation of Temporary Facilities for Education Expo.
2. PEB Structure Work with Roofing and Allied Work at GUSEC.

3. Purchase of Equipment at Health Centre, Forensic Science Department and Physical Education Department.

ઠરાવ ક્રમાંક: (૪.૨) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સીટી માટે આવશ્યક એવા નીચેના કામોના નકશા અંદાજ અને ટેન્ડર મુસદ્દો યુનિવર્સીટી દ્વારા નિયુક્ત કન્સલ્ટન્ટ ઓફ્ટર્સ પાસેથી કરાવીને જા.ખ. દ્વારા ઈ-ટેન્ડર કરી આગામી સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.

1. Installation of Temporary Facilities for Education Expo.
2. PEB Structure Work with Roofing and Allied Work at GUSEC.
3. Purchase of Equipment at Health Centre, Forensic Science Department and Physical Education Department.

સભાનું કામકાજ પૂર્ણ થતા કા. કુલસચિવશ્રીએ સૌનો આભારમાની સભા પૂર્ણ થયેલ જાહેર કરી.

કા. કુલસચિવ